# ઝોન કક્ષાએ



**તા. ૧૦/૧૨/૨૪ :** પુરુષ અધ્યાયન મંદિર, વાપી ખાતે આયોજિત **દક્ષિણ ઝોન કક્ષાના કલા ઉત્સવ** માં ટંડેલ પ્રિયાંશી જે. (૯–બ) બાળ કવિ સ્પર્ધામાં તૃતીય ક્રમાંક મેળવ્યો અને શાહ રૂદ્ર વી. (૧૧ વિ.પ્ર.)એ સંગીત વાદન સ્પર્ધામાં ભાગ લીધો. કન્વીનર શિક્ષકશ્રી: પરેશભાઇ પટેલ

**તાઃ ૨૩/૧૨/૨૪ :** ગુજકોસ્ટ અને બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાર્ન્ડડના સંયુકત ઉપક્રમે SVNI સુરત ખાતે **ઝોન કક્ષાની સ્ટેમ કવિઝ -3** માં શાળાના કુલ ૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કન્વીનર શિક્ષકશ્રી : કૌશિકભાઇ મિસ્ત્રી

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | પરિણામ |
|---|---|---|
| ૧ | પઢિયાર હેત્વી સી.(૯ બ) | પ્રથમ |
| ૨ | ત્રાંબડિયા દિશાંત એચ.(૧૧ વિ.પ્ર) | પ્રથમ |
| ૩ | ભટ્ટ મલ્હાર એમ. (૯ અ) | તૃતીય |
| ૪ | ચાવડા હરિજ્ઞા ડી. (૧૧ વિ.પ્ર) | ચતુર્થ |
| ૫ | મિસ્ત્રી સમર્થ એમ. (૯ અ) | ચતુર્થ |





# રાજય કક્ષાએ

**તા. ૨૫/૭/૨૪ થી ૧/૮/૨૪ : ઓએસિસ મૂવમેન્ટ દ્વારા સ્વામી વિવેકાનંદે કલ્પેલા ૧૦૦ મિશાલરૂપ યુવાનોની ખોજ**ના કાર્યક્રમ અંતર્ગત **"ઓએસિસ નચિકેતા એવાર્ડસ"** ની રાજય કક્ષાની પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ઓએસિસ વેલી, ચાણોદ ખાતે એક સપ્તાહની રહેવાસી નેતૃત્વ પરીક્ષણ શિબિર યોજવામાં આવી હતી.આ શિબિરમાં શાળાના ધો ૧૧ વિ.પ્ર ના વિદ્યાર્થી ત્રાંબડિયા દિશાંતે ભાગ લીધો.

**તા. ૨૩/૯/૨૪ : અમદાવાદ સાયન્સસીટી ખાતે રાજય કક્ષાના નેશનલ સાયન્સ સેમીનાર** માં શાળાની ધો. ૯/બ ની વિદ્યાર્થિની ટંડેલ પ્રિયાંશી જયેશભાઇ તથા માર્ગદર્શક શિક્ષક કૌશિકભાઇ મિસ્ત્રી એ ભાગ લીધો હતો. આ સેમીનારમાં વિદ્યાર્થિનીએ **"કૃત્રિમ બુધ્ધિમતા : શકયતાઓ અને સમસ્યાઓ"** વિષય પર સ્લાઇડ પ્રેઝન્ટેશન અને ઉત્તમ વાક્ કૌશલ્ય સાથે વિષયની ખૂબ ઊંડાણપૂર્વક રજૂઆત કરી હતી.









**તા. ૨૭, ૨૮/૧૦/૨૦૨૪ : અખિલ ભારતીય (SGFI)** શાળાકીય રમતોત્સવ ૨૦૨૪ અંતર્ગત રાજયકક્ષાની કબડ્ડી અંડર–૧૭ ની ટીમમાં શાળાની ધો ૧૧ વિ.પ્ર ની વિદ્યાર્થીની મકવાણા હેમાંગી એમ., ધો ૧૧ સા.પ્ર ની સિંઘા સલોની રાજકુમાર, ધો. ૯/બ ગુર્જર સાક્ષી ધો ૯ બ વર્મા રૂચી પસંદગી પામી જેમણે ગાંધીનગર પેથાપુર મુકામે રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો.

**તા. ૦૧/૦૨/૨૫ :** ગુજકોસ્ટ અને બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાર્ન્ડડના સંયુકત ઉપક્રમે સાયન્સ સીટી અમદાવાદ ખાતે રાજય કક્ષાની સ્ટેમ કવિઝ-3 માં શાળાના કુલ ૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં મિસ્ત્રી સમર્થ એમ. એ પ્રથમ રાઉન્ડમાં સિલેકટ થઇ દ્વિતીય રાઉન્ડમાં ભાગ લીધો. આ વિજેતા વિદ્યાર્થીને પુરસ્કાર સ્વરૂપે Drone Kit આપવામાં આવી. કન્વી. શિ.શ્રી કૌશિકભાઇ મિસ્ત્રી

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | મેળવેલ ઇનામ |
|---|---|---|
| ૧ | પઢિયાર હેત્વી સી.(૯ બ) | Samsung Tablet |
| ૨ | ત્રાંબડિયા દિશાંત એચ.(૧૧ વિ.પ્ર) | Samsung Tablet |
| ૩ | ભટ્ટ મલ્હાર એમ. (૯ અ) | AI Kit |
| ૪ | ચાવડા હરિજ્ઞા ડી. (૧૧ વિ.પ્ર) | Telescope |
| ૫ | મિસ્ત્રી સમર્થ એમ. (૯ અ) | Telescope |

વિચારો ગમે તેટલા
જાગૃત અને ઉંચા હોય પણ જયાં સુધી
તેનો અમલ ન થાય ત્યાં સુધી તેની કોઈ
કિંમત નથી.

# શાળાકીય પ્રવૃતિઓ

**તા. ૩/૫/૨૪ : લોકસભા ચૂંટણી - ૨૦૨૪** અંતર્ગત મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત શાળામાં મહારંગોળીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૧૨ કલાકની જહેમત બાદ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા ૨૫૦ કિલો રંગોના ઉપયોગથી ૨૦×૨૦ ના કદની મહારંગોળી બનાવવામાં આવી. આ રંગોળીને નિહાળવા **જિલ્લા કલેકટરશ્રી તુષાર સુમેરાસાહેબ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સ્વાતિબા રાઓલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણધિકારીશ્રી સચીનભાઇ શાહ, SDM મનીષાબેન** વગેરે શાળામાં ઉપસ્થિત રહ્યા.







**તા. ૧૯/૬/૨૪ :** વાંચન વિસરાય રહ્યું છે ત્યારે વિદ્યાર્થીઓમાં વાંચનની ટેવ દૃઢ થાય તે માટે **વિશ્વ વાંચન દિન** અંતર્ગત પર્વની ઉજવણી માટે ધો. ૧૦ ના વિદ્યાર્થીઓને કે. જે. ચોકસી પબ્લીક લાઇબ્રેરીમાં લઇ જવામાં આવ્યા.





**તા. ૨૧/૬/૨૪ :** ભરૂચ નગરપાલિકા અને નારાયણ વિદ્યાલયના સંયુકત ઉપક્રમે સંકટમોચન હનુમાનજી મંદિર ખાતે **વિશ્વ યોગ દિન**ની ઉજવણી કરવામાં આવી. જેમાં **ભરૂચ શહેર ભાજપા પ્રમુખ શ્રી પ્રકાશભાઇ પટેલ, દંડક શ્રી નગરપાલિકા,શ્રી નરેશભાઇ સુથારવાલા, ભરૂચ નગરપાલિકાના કાઉન્સેલર શ્રીમતી વિભૂતિબેન રાણા, નગરપાલિકાના કર્મચારી ગણ,** શાળાના ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા સમાજના લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઇ વિવિધ યોગાસનો કર્યા.





**તા. ૨૨/૬/૨૪ : શાળા પંચાયત અંતર્ગત** શાળાના માધ્યમિક અને ઉ.મા વિભાગમાં **G.S. અને L.R. ની ચૂંટણી** યોજવામાં આવી. વિદ્યાર્થીઓ ચૂંટણી પ્રક્રિયા વિશે જાણે તથા લોકશાહીનું મહત્વ ને સમજે તેવા હેતુસર લોકસભા/વિધાનસભા ચૂંટણીની પદ્ધતિ પ્રમાણે શાળામાં ચૂંટણી પ્રક્રિયા યોજવામાં આવી.

| | મા.વિ. | ઉ.મા.વિ |
|---|---|---|
| G.S. | મહીડા હરપાલસિંહ ભરતસિંહ | પટેલ સૌમ્ય |
| L.R | પટેલ ખુશી રોશનભાઇ | ભાવસાર ચેશા એ. |




**તા. ૨૭/૬/૨૪ : સરકારશ્રીના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ** અંતર્ગત શાળામાં ધો. ૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓનો **શાળા પ્રવેશોત્સવ** ઉજવવામાં આવ્યો આ કાર્યક્રમમાં **ભરૂચ નાગરિક પુરવઠા અધિકારી મા.શ્રી મહિપતસિંહ ડોડીયા,ભરૂચ જીલ્લા ભાજપ પ્રમુખ મા.શ્રી મારૂતિસિંહ અટોદરીયા તથા સી.આર.સી.કોઓર્ડિનેટર મા.શ્રી પ્રકાશભાઇ ઉપસ્થિત રહ્યા હતા.** કાર્યક્રમમાં રાજ્ય કક્ષાએ ભાગ લીધેલ વિદ્યાર્થીઓ તથા ૧૦૦% હાજરી ધરાવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું.




